# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-09-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

**આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતમાં દેશની પહેલી વંદે મેટ્રો ટ્રેનને લીલી ઝંડી બતાવશે - રાજ્યમાં આઠ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનું પણ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
- જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટેનો પ્રચાર આજે થંભી જશે
- રાજસ્થાનમાં ગત રાત્રે જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા આઠ લોકોના મોત – 18 લોકો ઇજાગ્રસ્ત થયા
- બિહાર, ઝારખંડ, ઓડિશા અને છત્તીસગઢમાં વિવિધ સ્થળોએ આજે ભારે વરસાદની આગાહી
- હૉકીમાં ચીનમાં આજે ભારત અને દક્ષિણ કૉરિયા વચ્ચે એશિયન ચેમ્પિયન્સ ટ્રૉફીની સેમિ-ફાઈનલ રમાશે
- પૈગમ્બર મોહમ્મદના જન્મદિવસ નિમિત્તે આજે દેશના અનેક ભાગમાં મિલાદ-ઉન-નબીની ઉજવણી.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MODI IN AHMEDABAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે ગુજરાતના અમદાવાદ પહોંચ્યા હતા. મોડી સાંજે અમદાવાદ વિમાન મથકે રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રી આજે વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેમ જ આઠ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

શ્રી મોદી આજે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે સંવાદ કરશે. ત્યારબાદ તેઓ સવારે સાડા દસ વાગ્યાની આસપાસ મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો- રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે. કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી પ્રલ્હાદ જોષી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ સહિતના મહાનુભાવો સત્રમાં ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રાલય દ્વારા યોજાયેલા આ સંમેલન અને પ્રદર્શનમાં નવીનીકરણ ઊર્જા નિર્માણ અને વિતરણમાં ભારતની પ્રગતિને દર્શાવાશે. શ્રી મોદી બપોરે દોઢ વાગ્યાની આસપાસ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેનના બીજા તબક્કાનો આરંભ કરાવશે અને સેક્ટર એક મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધીની સવારી કરશે. પ્રધાનમંત્રી અમદાવાદમાં જીએમડીસી મેદાન ખાતે 8 હજાર કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચની વિવિધ વિકાસકાર્યોનું પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

.....2........

આકાશવાણીનાં સંવાદદાતાનાં અહેવાલ મુજબ, આ ત્રણ દિવસના કાર્યક્રમમાં 40થી વધુ સત્ર અને નવીનધિરાણ, ગ્રીન હાઈડ્રોજન અને ભવિષ્યના ઊર્જા ઉકેલ અંગે વિશેષ ચર્ચા કરાશે. આ કાર્યક્રમમાં 140 દેશના લગભગ 25 હજાર પ્રતિનિધિ ઉપસ્થિત રહેવાની શક્યતા છે. જર્મની, ઑસ્ટ્રેલિયા, ડેનમાર્ક અને નોર્વે આ પ્રદર્શનમાં ભાગીદાર દેશ તરીકે ભાગ લઈ રહ્યા છે. જ્યારે આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગાણા અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્ય ભાગીદાર રાજ્ય તરીકે ભાગ લેશે.

આ પ્રદર્શન જે રિ-ઇન્વેસ્ટ મીટની બાજુમાં યોજાશે. જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ અને મોટા ઉદ્યોગ ખેલાડીઓ તરફથી નવીનીકરણીય ઊર્જામાં અદ્યતન નવીનતાઓ પ્રદર્શિત કરશે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ 18મી સપ્ટેમ્બરે આ મીટના વિશેષ સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી ગાંધીનગરના રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરીને આવતીકાલે સવારે ઓડિશા જવા રવાના થશે.

# PM SOMNATH TRUST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગઈકાલે ગુજરાતના ગાંધીનગરમાં શ્રી સોમનાથ ટ્રસ્ટની બેઠક યોજાઈ ગઈ. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે, તેમણે તીર્થયાત્રીઓના અનુભવને વધુ સારો બનાવવા અને વિવિધ સુવિધાઓને હજી સુધારવા અંગે સમીક્ષા કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે સૌપ્રથમ ગુજરાતના અમદાવાદ અને ત્યાંથી તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા. ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ અનેક કેન્દ્રિત યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમ જ બેઠકમાં પણ ઉપસ્થિત રહેશે.

# JK CAMPAIGN

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે પ્રચાર આજે થંભી જશે. આ તબક્કામાં સાત જિલ્લાના ડોડા, કિશ્તવાડ, રામબન, અનંતનાગ, પુલવામા, કુલગામ અને શોપિયાં જેવા 24 વિધાનસભા મતવિસ્તારમાં 18 સપ્ટેમ્બરે મતદાન થશે.

જ્યારે બીજા અને ત્રીજા તબક્કા માટે 25 સપ્ટેમ્બરે અને પહેલી ઑક્ટોબરે મતદાન થશે. આ ચૂંટણીની મતગણતરી આઠ ઑક્ટોબરે થશે. જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં 90 બેઠક છે, જેમાંથી 74 સામાન્ય બેઠક, સાત અનુસૂચિત જાતિ અને નવ બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત છે.

# RAJASTHAN ACCIDENT

રાજસ્થાનના સિરોહી જિલ્લાના પિંડવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત રાત્રે માર્ગ અકસ્માતમાં આઠ લોકોના મોત અને 18 લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. ક્ષમતા કરતા વધુ લોકોને લઈ જતી જીપ રોન્ગ સાઈડ પર આવી રહી હતી. ત્યારે ટ્રક સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો.

સિરોહી જિલ્લા પોલીસ વડા અનિલ કુમારે કહ્યું, અકસ્માતની જાણ થતાં જ પોલીસે અહીં પહોંચી ઇજાગ્રસ્તોને નજીકના હૉસ્પિટલ પહોંચાડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, જીપમાં 27 જેટલા લોકો સવાર હતા. આ તમામ ઉદયપુર જિલ્લાના ઉઝ્નસાગરના રહેવાસી છે અને પાલીના નાકોડા મંદિર જઈ રહ્યા હતા. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ આ ઘટના પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# IMD WEATHER

દેશના હવામાન વિભાગે પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારમાં ભારે દબાણના કારણે આજે બિહાર, ઝારખંડ, ઓડિશા અને છત્તીસગઢમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે, આ ભારે દબાણ છેલ્લા 6 કલાકમાં પાંચ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી પશ્ચિમ—ઉત્તર—પશ્ચિમ તરફ આગળ વધ્યું છે. આગામી 48 કલાક દરમિયાન આ દબાણ ઝારખંડ અને છત્તીસગઢમાં ઉત્તર-પશ્ચિમ તરફ વધે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, દબાણના કારણે ગઈકાલે ઝારખંડ, પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તાર અને ઓડિશામાં ઉત્તરના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસ્યો હતો. ઉપરાંત વિભાગે આગામી 6 દિવસ સુધી વિદર્ભ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી પણ વ્યક્ત કરી છે.

# HOCKY ASIANCHAMPIONSHIP

ચીનના હુલનબુઈર ખાતે આજે ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી 2024ની સેમિ-ફાઈનલની મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. ભારત આ સ્પર્ધામાં અત્યાર સુધી એક પણ મેચ ન હારનારી ટીમ છે.

અગાઉ ભારતે ચીનને ત્રણ શૂન્યથી, જાપાનને પાંચ—એકથી, મલેશિયાને આઠ—એકથી, કોરિયાને ત્રણ—એકથી અને પાકિસ્તાનને બે—એકથી હરાવ્યું છે. હવે આ એશિયન રમતમાં ભારત સુવર્ણ ચંદ્રક વિજેતા કોરિયા સામે રમવા માટે ઉત્સુક છે. દરમિયાન સેમિ-ફાઈનલની પહેલી મેચ પાકિસ્તાન અને ચીન વચ્ચે રમાશે.

# PREZ MILAD

દેશના અનેક ભાગમાં આજે પૈગમ્બર મોહમ્મદના જન્મદિવસ નિમિત્તે મિલાદ—ઉન—નબીની ઉજવણી થઈ રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મિલાદ—ઉન—નબીના અવસરે દેશના નાગરિકો અને ખાસ કરીને મુસ્લિમ સમુદાયના લોકોને શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં લખ્યું કે, પૈગમ્બરે મોહમ્મદે દરેક લોકોને પ્રેમ અને ભાઈચારાની ભાવના મજબૂત કરવા માટે પ્રેરિત કર્યા અને સમાજમાં સમાનતા અને સદભાવ પર ભાર આપ્યો હતો. તેમણે લોકોને બીજા પ્રત્યે સહાનુભૂતિ રાખવા અને માનવતાની સેવા કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

રાષ્ટ્રપતિએ લોકોના આ દિવસે પવિત્ર ધર્મગ્રંથ કુરાન શરીફના ઉપદેશોને પોતાના જીવનમાં ઉતારવા અને શાંતિપૂર્ણ સમાજનું નિર્માણ કરવાની અપીલ કરી છે.

# CHESSOLYMPIAD

હંગેરીના બુડાપેસ્ટમાં ગઈકાલે 45મી ચેસ ઑલમ્પિયાડના ઑપન સેક્શનમાં ભારતીય ટીમે અજરબૈજાન સામે ત્રણ—એકથી જીત હાંસલ કરી હતી. જ્યારે મહિલા ટીમે કઝાકિસ્તાનને પાંચમા તબક્કામાં 2.5—1.5ના અંતરથી હરાવ્યું હતું. ઑપન સેક્શનમાં ભારતના ગુકેશે પોતાના પ્રતિસ્પર્ધી ગ્રાન્ડમાસ્ટર આયેદિન સુલેમાનલીને હરાવ્યા હતા. વિશ્વ વિજેતાના દાવેદાર એવા ગુકેશે સારું પ્રદર્શન કરી ટોચના ખેલાડીઓમાં તેઓ પ્રથમ રહ્યા હતા.

મહિલાઓના વર્ગમાં ગ્રાન્ડમાસ્ટર હરિકા દ્રોણાવલ્લી, બીબીસારા અસાએવા સામે હારી ગયાં હતાં. જ્યારે ગ્રાન્ડમાસ્ટર આર. વૈશાલીએ મેરૂએર્ટ કમાલીદેનોવાને હરાવ્યાં હતાં. વંતિકા અગ્રવાલે એલુઆ નુરમૈનને હરાવ્યાં હતાં. ચેસ ઑલમ્પિયાડમાં હજી છ તબક્કાની રમત બાકી છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો પર એક નજર

- દિવ્ય ભાસ્કરે વલસાડ નજીક આવેલા ઑક્સિજન કૉલોની – 1200 ઘરની ચારેબાજુ 40 લાખ વૃક્ષ – મુખ્ય સમાચાર તરીકે સ્થાન આપ્યું છે. ઉપરાંત પ્રથમ પાને – દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના રાજીનામાના સમાચારને સ્થાન આપતા લખ્યું છે કે – રાજીનામું આપીને કેજરીવાલની નવા નાકે દિવાળી કરવાની યોજના
- દિવ્ય ભાસ્કરે અમેરિકામાં વ્યાજ દરોમાં કપાતને પગલે શેરબજારમાં તેજીની શક્યતાના સમાચારને પ્રથમ પાના પર સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવેદનને ટાંકીને લખ્યું કે સી.એમ. પદેથી બે દિવસ પછી રાજીનામું આપશી
- ઇન્ડિયન એક્સપ્રેસ અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ – કેજરીવાલ દ્વારા બે દિવસ બાદ રાજીનામું આપી અને અગ્નિપરીક્ષા આપીશ - એ સમાચારોને મુખ્ય સમાચાર તરીકે લીધા છે
- દેશમાં ટૂંક સમયમાં વસતી ગણતરી હાથ ધરાશે – એ સમાચારને સંદેશે મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- સંદેશ લખે છે, રાજ્યમાં તમામ જિલ્લા ઓર્ગેનાઇઝ્ડ ગેંગની તપાસ હવેથી સીઆઈડી ક્રાઇમ કરશે
- “વડાપ્રધાન મોદી વતનમાં: છ હજાર કરોડની ભેટ આપશે” આ ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે
- પ્રધાનમંત્રીના નિવેદનને ટાંકીને નવગુજરાત સમય લખે છે ઝારખંડ માટે ઘૂષણખોરો મોટો ખતરો - વધુમાં અદાણીના પાવર કોન્ટ્રાક્ટની ચોંકવનારી વિગતો ટૂંક સમયમા બહાર આવવાના કૉંગ્રેસના દાવા તેમ જ અરવિંદ કેજરીવાલના રાજીનામા આપવાના સમાચારો પણ મુખ્ય પાને જોઈ શકાય છે.